Extra No. 318

©

सत्यमेव जयते

The Gujarat Government Gazette
EXTRAORDINARY
[PUBLISHED BY AUTHORITY]

Vol. LXVI] MONDAY, SEPTEMBER 8, 2025 / BHADRA 17, 1947

Separate paging is given to each part of the supplement to the Central Gazette and Central Section in order that it may be filed as a separate compilation

PART -I
SUPPLEMENT TO THE CENTRAL GAZETTE

જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા

વંચાણે લીધું:-

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, મોડાસા, અરવલ્લીના પત્રનં, મોડાસા/બિન અધિકૃત/કાર્યવાહી/ઓન, તા. ૨૧/૦૮/૨૦૨૫

:-જાહેરનામું:-

ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળની

નં.ડી.સી./એમ.એ.જી/જાહેરનામું/વચેટીયા/૭૦૭/૨૦૨૫.-અરવલ્લી જિલ્લાના કાર્યક્ષેત્ર હેઠળના વિસ્તારમાં આવેલી સરકારી કચેરીઓમાં જાહેર જનતાને લગતી કામગીરી કરવામાં આવે છે. આવી સરકારી કચેરીઓમાં રોજે-રોજ મોટા પ્રમાણમાં જાહેર જનતા પોતાના કામ માટે આવતી હોય છે. જે અન્વયે અત્રેના જિલ્લામાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી, અરવલ્લી ખાતે બિન-અધિકૃત વ્યક્તિઓ મોટરીંગ પબ્લીક સાથે છેતરપિંડી કરીને ગેરકાયદેસરની પ્રવૃત્તિઓ કરી, લોભામણી વાતો કરી, વચેટીયા તરીકે કામ કરી આપવાનું કહી રૂપિયા લઈ ભાગી જતા હોય છે જેથી સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રી, અરવલ્લી મોડાસા દ્વારા બિન-અધિકૃત વ્યક્તિઓના કચેરીમાં પ્રવેશ ટાળવા તેમજ બિન અધિકૃત વ્યક્તિઓ ભેગી થતી અટકાવવા માટે જાહેરનામું બહાર પાડવા અત્રેની કચેરીએ દરખાસ્ત મોકલી આપેલ છે, જેથી આવી પ્રવૃત્તિઓ પર અંકુશ રાખવો ઉચિત જણાય છે.

આથી, હું પ્રશરિત પારીક (આઈ.એ.એસ.), જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી, ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ મને મળેલ સત્તાની રૂએ હુકમ કરું છું કે, અરવલ્લી જિલ્લાના કાર્યક્ષેત્રમાં આવેલ સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારીશ્રીની કચેરી, અરવલ્લી ખાતે પોતાના સરકારી કામ માટે આવેલા હોય તેવા વ્યકિતઓ અથવા કામ કરતા હોય અથવા વાજબી કામ સબબ આવેલા હોય તે સિવાયના અનઅધિકૃત ઈસમો કે ઈસમોની ટોળી કે જે અરજદારને ગેરમાર્ગે દોરી કામ કરાવવા કે તેવી લાલચ આપવા જેવી પ્રવૃત્તિ કરી રહેલ હોય તેવા ઈસમોના પ્રવેશ ઉપર પ્રતિબંધ ફરમાવું છું.

-: અમલવારીનો સમય:-

આ જાહેરનામાનો અમલ પ્રસિધ્ધિ તારીખથી ૨ માસ સુધીનો રહેશે.

-: અમલવારીનો વિસ્તાર :-

સહાયક પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરીનો વિસ્તાર.

શિક્ષા

આ જાહેરનામાનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર અથવા તે માટે મદદ કરનારને ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ મુજબ શિક્ષાને પાત્ર થશે.તથા આ હુકમનો ભંગ કરનાર ઈસમો સામે જે તે કચેરીના ઓફીસ સુપ્રિન્ટેન્ડન્ટશ્રી તથા પોલીસ વિભાગમાં પોલીસ હેડ કોન્સ્ટેબલશ્રી/ના દરજ્જાથી ઉતરતા ન હોય તેવા અધિકારીશ્રીને ફરીયાદ માંડવા આથી અધિકૃત કરવામાં આવે છે.

આજ રોજ તા.૧લી સપ્ટેમ્બર-૨૦૨૫/ ના રોજ મારી સહી તથા કચેરીની મહોર સાથે બહાર પાડયું.

પ્રશસ્તિ પારીક
જિલ્લા મેજીસ્ટ્રેટ,
અરવલ્લી મોડાસા

Signature Not Verified
Signed by : KAPADIYA ANANDKUMAR DAHYABHAI
Manager
Government Press & Stationery, Vadodara
Date : 2025.10.15 16:06:32 IST